Extra No. 322

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, SEPTEMBER 10, 2025 / BHADRA 19, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:-

(૧) ઉપસચિવ (કા.વ્ય), ગૃહ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૪/ ૮૨, તા.૩૦.૦૫.૨૦૨૪

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાના પત્ર નં.LIB/BNSS-163/ઝાંઝરી ધોધ/જાહેરનામુ/૧૫૧૮/૨૦૨૫ તા. ૦૮/૦૯/૨૦૨૫

(૩) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, બાયડના પત્ર નં.પી.ઓ.એલ/ઝાંઝરીવોટર ફોલ/વશી/૨૩૧/૨૦૨૪, તા.૦૫/૦૬/૨૦૨૪

(૪) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે

નં.ડી.સી./પીઓએલ/જાહેરનામું/કલમ-૧૬૩/વશી/૭૫૦/૨૦૨૫ અરવલ્લી જિલ્લાના મુકામ.ડાભા, તા.બાયડ ખાતે જાણીતુ પ્રવાસન સ્થળ ઝાંઝરી ધોધ આવેલ છે. છેલ્લા ૨૫ વર્ષમાં સદર ઝાંઝરી ધોધ, વાત્રક નદીના પાણીના ધરામાં અકસ્માતે લપસી ડુબી જવાના, તણાઈ જવાના, પથ્થરની શીલાઓ પરના પાણી પર જામેલ લીલના કારણે લપસી પથ્થર પર પટકાઈને મૃત્યુ થવાના ઘણા બનાવો બનેલ છે. આવી ઘટનાઓ બનતી અટકાવવા તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવેલ છે. ધોધના/નદીના પાણીમાં પડી ન્હાવા જવા પર નિષેધ હોવાની સૂચનાઓના બોર્ડ પણ લગાવવામાં આવેલ છે. તેમ છતાં સાબરકાંઠા, અમદાવાદ, વડોદરા, ખેડા વિગેરે જિલ્લામાંથી આવતા પ્રવાસીઓ/સહેલાણીઓ આ સુચનાઓનો અનાદર કરી ઝાંઝરી ધોધ ખાતેના પાણીમાં ન્હાવા પડી અકસ્માતે ડૂબીને જીવ ગુમાવવાના સંખ્યાબંધ બનાવો તાજેતરના વર્ષોમાં બનેલ છે.

જેથી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તથા પ્રવાસીઓ/સહેલાણીઓની સલામતી જળવાઈ રહે તે હેતુ માટે વાત્રક નદીના આશરે ૫ કિ.મીના લાંબા પ્રવાહમાર્ગ (જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધી)ના નદીના પ્રવાહ માર્ગની આજુ-બાજુ વાત્રક નદી/ઝાંઝરી ધોધના કિનારે જઈ પાણીમાં પડવા ન્હાવા કે નદી કિનારે આવેલ શીલાઓ પર કે જ્યાંથી ફોટોગ્રાફી કરવા જતા અકસ્માતે પગ લપસી જવાથી ઝાંઝરી ધોધના ઊંડા પાણીના ધરા કે પ્રવાહમાં ડૂબી જવા કે પથ્થરની શીલાઓ પર પટકાઈ ઈજા થવા અને મૃત્યુ થવાની સંભાવના રહેલી હોઈ પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ વંચાણે લીધેલ આમુખ-૨ ના પત્રથી તથા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી બાયડએ આમુખ-૩ના પત્રથી વાત્રક નદીના આશરે ૫ કિ.મી લાંબા પ્રવાહ માર્ગ જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે

આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધીના વિસ્તારમાં સહેલાણીઓ/પ્રવાસીઓના ન્હાવા/પાણીમાં ઉતરવા/બિલકુલ નદી કિનારે આવેલ કોતરો પર ઉભા રહી ફોટોગ્રાફ કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ હું ડી.વી.મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

"જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવ વાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધી"

જાહેરનામાનો પ્રતિબંધ

"જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધીના વિસ્તારમાં ન્હાવા/પાણીમાં ઉતરવા/બિલકુલ નદી કિનારે આવેલ કોતરો પર ઉભા રહી ફોટોગ્રાફી કરવા પર પ્રતિબંધ"

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

તા. ૧૨/૦૯/૨૦૨૫ થી તા. ૧૧/૧૦/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ હેઠળના ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતાં ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૯ મી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:20:13 IST